વિદેશ અને કાપડ રાજ્યમંત્રી શ્રી પબિત્રા માર્ગેરિટાની સ્પેનની મુલાકાત (3-5 નવેમ્બર, 2026)

વિદેશ અને કાપડ રાજ્યમંત્રી [એમઓએસ (પીએમ)] શ્રી પબિત્રા માર્ગેરિટા, 3-5 નવેમ્બર 2026 દરમિયાન સ્પેન ગણરાજ્યની સત્તાવાર મુલાકાત લેશે.

2. મુલાકાત દરમિયાન, એમઓએસ (પીએમ) સ્પેન દ્વારા આયોજિત ઇબેરો-અમેરિકન પરિષદના 30મા શિખર સંમેલનમાં ભાગ લેશે. ભારત સહયોગી નિરીક્ષક તરીકે આ પરિષદમાં જોડાવા જઈ રહ્યું છે. આ પરિષદમાં હાલમાં 22 સભ્ય દેશોનો સમાવેશ થાય છે – લેટિન અમેરિકાના 19 અને યુરોપના 3 (સ્પેન, પોર્ટુગલ અને એન્ડોરા), 12 સહયોગી નિરીક્ષકો અને 20 પરામર્શી નિરીક્ષકો.

3. એમઓએસ (પીએમ)ની મુલાકાત ભારત-સ્પેન સંસ્કૃતિ, પર્યટન અને કૃત્રિમ બુદ્ધિમત્તાના દ્વિવર્ષીય વર્ષની ચાલુ ઉજવણીમાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ બનશે. તેઓ શિખર સંમેલન દરમિયાન મુખ્ય સમકક્ષો સાથે દ્વિપક્ષીય બેઠકો પણ કરશે અને મેડ્રિડમાં ભારતીય સમુદાય સાથે વાતચીત કરશે.

નવી દિલ્હી

01 નવેમ્બર, 2026